# ❀ પંચકન્યા ❀

## *Gift Of Every Birthday* ( દરેક જન્મદિવસની ભેટ)

મારી વ્હાલી મેધાવી,
આ પંચકન્યાને વાંચ અને સમજ અને આગળ વધ.

### સપના

સપના આઠમા ધોરણા ભણે છે. ઉંમર તેર ચૌદ વર્ષ હશે. તેની જ હાઈસ્કુલના દશમા ધોરણમાં ભણતો રાકેશ નામનો છોકરો અને તે બન્ને સાથે ઘરેથી ભાગી જાય છે. બન્ને જણ ઘરમાંથી દાગીના પૈસા લઈ કપડાં ભરી ભાગી ગયા. દિકરીના મા-બાપ પોલિસમાં ફરિયાદ લખાવે છે પોલિસ બન્નેને શોધે છે. છોકરો અને છોકરી બન્ને સગીર વયના છે. અઢાર વર્ષે છોકરી પુખ્ત વયની કહેવાય અને ૨૧ વર્ષે છોકરો પુખ્ત વયનો ગણાય. એનાથી નાની ઉંમર નાને સગીર વયના કહેવાય. કાયદાકીય રીતે પુખ્ત વયની ઉંમરે જ લગ્ન કરી શકાય પણ બન્નેને તેવી ખબર નથી. બન્ને જણ ઘરેથી તો નીકળ્યા પણ ક્યાં જવું ખબર ન હતી. ઘરનું વાતાવરણ કે માહોલ યોગ્ય ન હતો. વળી ફિલ્મોનું અનુકરણ કર્યું એટલે ભાગવાનું મન થયું. પોતે પ્રેમ કરે છે. તેવું તેમને લાગ્યું. અમદાવાદ, મુંબઇ વગેરે સ્થળોએ ગયા. પિક્ચરો જોયા. ફર્યા.હર્યા. ચર્યા, પૈસા અને દાગીના ધીમે-ધીમે ખલાસ થવા લાગ્યા.

આ બાજું પોલિસમાં ફરિયાદ થઈ હોવાથી પોલિસ તેમને શોધવાની શ રૂઆત કરી. રાકેશના મિત્રો પાસે પોલિસ ગઇ. ગમે તેમ કરી બન્નેને વડોદરાથી પકડી પાડયા. ઘરે લાવી પોલિસ સ્ટેશને લાવવામાં આવ્યા. પોલિસે છોકરાને માર્યો પણ ખરો બન્ને પાસે પૈસા અને દાગીના વપરાઈ ગયા હતા. પાછા આવવાની તૈયારી કરતા હતા ત્યાં જ પોલિસે પકડી લીધા. પૈસા અને દાગીનાની પૂછપરછ કરી બધી વાત કરી. દાગીના અમદાવાદમાં કોઈ સોનીની દુકાને સસ્તામાં વેચી માર્યા હતા. સપનાને મા-બાપ ઘરે લઈ ગયા. ભણવાનું બંધ કરાવ્યું અને એકાદ - બે વર્ષમાં તેના લગ્ન કરી દીધા. સમાજમાં સપના અને તેના મા-બાપની ખરાબ વાતો થઇ. લગ્ન તો થયા પણ છોકરો જેવો જોઈએ તેવો ન મળ્યો, સપનાની કારકિર્દી ભૂસાઈ ગઈ. આબરૂ ગઈ. જીવન ગયું, કારણ સમજણ વગરનું પગલું ભર્યું હતું. હું તને પૂછું છું કે બેટા તને સપના જેવું થવું ગમે કે નહીં ? આ સપનાની વાત એકદમ સત્ય છે આ મારા 'પંચકન્યા' પત્રમાં પાંચ કન્યાની(છોકરીઓ) વાત સમાજમાં બની ગયેલી તદ્દન સત્ય ઘટનાઓ વાર્તાના મુદ્દા રૂપે લખું છું હવે બીજી કન્યાને વાંચો.

### કલ્પના

કલ્પના કોલેજમાં ભણવા જાય છે. તેના પપ્પાને સરકારી નોકરી છે. દિકરીને ભણાવવાની ખૂબ હોંશ છે. કલ્પનાના પપ્પાને દિકરીને પ્રોફેસર બનાવવાની ઈચ્છા છે. કોલેજના પહેલા વર્ષમાં કલ્પના ભણે છે. પપ્પાને તકલીફ વેઠીને પણ નાની સ્કુટી લઈ આપી. તે લઈને કોલેજ જાય છે. વિક્રમ નામના છોકરા સાથે પ્રેમ થાય છે.વિક્રમ રખડેલ છોકરો છે. કલ્પનાની કોલેજમાં ભણતો નથી પણ બીજી કોઈ કોલેજમાં ભણે છે. કેટલીયવાર નાપાસ થયો છે. ગેરેજમાં પાર્ટટાઈમ નોકરી કરે છે. મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈ ફરવું ગમે છે, ગંદી આદતો છે, ગેરેજની ગાડીઓ ફેરવે છે. છોકરીઓને ગમે તેમ કરી ફસાવવી તેનો શોખ છે. કલ્પના તેના વિશે બહું ઓછું જાણે છે. વિક્રમના મા-બાપ સાવ નબળી પરિસ્થિતિવાળા છે. વિક્રમ ઘરમાં કોઈના કહ્યામાં નથી તેના પિતા પણ તેનાથી કંટાળી ગયેલા છે.

કલ્પના અને વિક્રમ ભાગી જાય છે. કલ્પનાના પિતાને આ વાતની ખબર પડતાં આઘાત લાગે છે. એટેકમાં તેના પપ્પા મૃત્યુ પામે છે. કલ્પનાની માતા દિકરીના નામનું નાહી લે છે. કલ્પનાને એક ભાઈ અને

એક બેન પણ છે .કલ્પના અને વિક્રમ હરે ફરે અને આનંદ કરે છે. કલ્પના ઘરમાંથી પૈસા લાવી હોય છે. તે પતી જાય છે. વિક્રમની પાસે કોઈ સારી નોકરી મળે તેમ નથી. ફેક્ટરીમાં જવાનું શરૂ કરે છે. માંડ બે હજાર પગાર મળે છે. ઘરનું ભાડું, ખર્ચો, કરિયાણું વગેરે લાવવામાં બે હજાર ક્યારે પુરા થાય તે ખબર પણ પડતી નથી બન્ને વચ્ચે ઝઘડા શરૂ થાય છે. કલ્પનાને નાની નોકરી મળે તેમ છે પણ વિક્રમ ના પાડે છે. કયુરી નામની નાની બાળકીનો જન્મ થાય છે. વિક્રમને કોલેજ વખતે મિત્રો પાસે દેવું થયેલું હોય છે શહેરમાં પોષાતુ ન હોવાથી ગામડામાં રહેવા જાય છે. ત્યાં પણ કંકાસ - કજીયા શરૂ થાય છે.

વિક્રમને દારૂ અને જુગારની આદત પણ છે. ઘરમાં કલ્પનાની માર-ઝુડ હવે ચાલુ થઇ ગઈ હોય છે. કલ્પનાનું જીવન જીવવું આકરું થઈ પડે છે, મરવાના સતત વિચારો આવે છે. કેયુરી નાની દિકરીના લીધે જીવન ટકાવી જાય છે પણ વિક્રમની રોજની મારઝુડ, કંકાસ, કજીયા, બદનામી વગેરેથી ખૂબ કંટાળી જાય છે. કલ્પનાનેનો પિયર અને સાસરી બન્ને બાજુથી દરવાજા બંધ થઈ ગયા હોય છે. છેવટે અંતિમ નિર્ણય પર આવે છે. દિકરીને સાથે લઈ રેલ્વેના પાટામાં પડતું મૂકે છે. બંન્નેના મોત થાય છે વિક્રમને પોલિસ પકડી જેલમાં નાખે છે......

બોલ બેટા તારે બીજી કલ્પના બનવું ગમે કે નહીં? વિચાર .વિચાર.... અને ત્રીજી કન્યાને વાંચ.

## વિદ્યા

વિદ્યા કોલેજના ત્રીજા વર્ષમાં છે અને અજય પણ તેની જ કોલેજમાં ભણે છે. વિદ્યાના મા-બાપની ઈચ્છા વિદ્યાને કોમ્પ્યુટર ક્ષેત્રે આગળ ભણાવવાની છે. વિદ્યાના મમ્મી-પપ્પા દિકરીની કારકિર્દી બનાવવા માટે અને દિકરી પોતાના પગ પર ઉભી રહી શકે તે માટે ખૂબ મહેનત કરે છે. જરૂરી એવી વસ્તુ કે જોઈએ તે ખર્ચ પણ કરે છે. મા-બાપના હૃદયમાં દિકરીના ભવિષ્યની ચિંતા છે.તેમને ભણાવવાની ખૂબ તમન્ના છે. વિદ્યા અને અજય બન્નેનો પરિચય અને પછી બંન્નેમાં પ્રેમ થાય છે. લગ્નનો વિચાર કરે છે બંન્ને પુખ્ત વયના છે. કાયદાકીય કોઈ નિયમ તેમને નડતો નથી. ઘરમાં વિદ્યા મમ્મી આગળ લગ્નની વાત કરે છે. જવાબ ના માં આવે છે. બન્ને જણ ઘરેથી ભાગીને લગ્ન કરે છે બંન્ને જણ નોકરી કરે છે પૈસા પણ જીવન જરૂરી મળે છે. ઘર ચલાવવામાં કોઈ તકલીફ પડતી નથી. છતાં પણ એક વાતની ખોટ છે વિદ્યાના મા-બાપ વિદ્યાને બોલાવતા નથી, કારણ મા-બાપે વિદ્યા માટે ખૂબ મોટા અરમાન સેવ્યા હતા. ખૂબ વિશ્વાસ રાખ્યો હતો.

દિકરીને ખૂબ પ્રેમ કર્યો હતો. લાડ લડાવ્યા હતા તેમને એવું લાગતું કે દિકરી એ તેમના વિશ્વાસને તોડયો છે. સમાજમાં આબરૂ ગઈ છે, એવું તેમને સતત લાગે છે. આ બાજું વિદ્યાને એવું લાગે છે કે મમ્મી પપ્પા મને છેવટે તો ખુશી આપવા જ માગતા હતા ને ! તો હું આજે ખૂબ ખુશ છું મારો સ્વીકાર કેમ નથી કરતા ? બંન્નેની વિચારસરણી પોત -પોતાના મનના વિચારો મુજબની છે. મા-બાપ સમાજમાં આબરૂ સાચવી દિકરીને ખુશી આપવા માગે છે. જયારે દિકરી પોતાને પસંદ આવેલા પાત્ર સાથે ખુશીથી જીવવાની વિચારવાળી છે તેને સમાજની આબરૂની બાબત ગૌણ છે.

હવે.... અજયના મા-બાપે તો દિકરા અને વહુને સ્વીકારી લીધા છે. વિદ્યા પાસે આજે બધુ છે સાસુ- સસરાનું સુખ છે. પતિ પણ સારો મળ્યો છે. બાળકો પણ છે પણ પિયરનો રસ્તો બંધ છે ત્યાં જઇ શકતી નથી. તેના મા-બાપ હજુ પણ બોલાવતા નથી......

બોલ મારી વ્હાલી દિકરી તને વિદ્યા ના જીવનમાંથી શુ શીખવા મળ્યું છે ? તને વિદ્યા જેવા બનવું ગમશે ? હજું તારો નિર્ણય મનમાં રાખજે કેમ કે હજું બીજી બે કન્યાની વાત પણ વાંચી - સમજવાની છે હવે સિધ્ધિની વિશે વાંચ તો જરા.....

## સિધ્ધિ

સિધ્ધિ કોલેજના છેલ્લા વર્ષમાં છે. મા-બાપ ખુબ હોંશથી તેને ભણાવે છે. પોતે પણ ખૂબ હોશથી ભણે છે. દરેક મા-બાપનું સ્વપ્ન દિકરીને સારી નોકરી, સારું ઘર અને પગભર કરવાનું હોય છે. તેમ સિધ્ધિના મમ્મી-પપ્પાનું પણ એવું જ છે. દિકરાની જેમ જ દિકરીને ભણાવતા હોય છે. સિધ્ધિ પણ સારું ભણે છે. કોલેજમાં મયંક નામના છોકરા સાથે પરિચય થાય છે. મૈત્રી થાય છે, પ્રેમ પણ થાય છે.. બન્ને પુખ્ત વયના છે. સિધ્ધિ ખૂબ સમજુ છે. મયંકની ઈચ્છા ઘરેથી ભાગીને લગ્ન કરવાની છે પણ સિધ્ધિ ના પાડે છે. મા-બાપની સંમતિ મેળવીને જ લગ્ન કરશે તેના માટે મયંકને પણ બે-ત્રણ વર્ષ રાહ જોવાનું કહે છે.

પ્રેમ અને શરીર વાસના બન્નેનો ભેદ સિધ્ધિ સમજે છે. બંન્નેના સંબંધમાં ક્યારેય ખૂબ આગળ ન વધાય તેનું ધ્યાન રાખે છે. સિધ્ધિએ બંન્નેના સંબંધમાં એક મર્યાદા નક્કી કરી હોય છે.મયંક પણ સિધ્ધિ દ્વારા સમજી ગયો હોય છે કે શરીરનુ સુખ લગ્ન પછી જ... મયંકનો આગ્રહ ભાગીને જલ્દી લગ્ન કરવાનો છે. સિધ્ધિ, મમ્મી આગળ લગ્નની વાત નાખે છે. જવાબ 'ના' માં જ છે. મયંકના ઘરે પણ તેવું જ છે. મયંકને પણ થરેથી સંમતિ મળતી નથી ત્યારે લગ્ન માટે મયંકનો આગ્રહ ખૂબ વધે છે, ત્યારે સિધ્ધિ સ્પષ્ટ વાત સંભળાવે છે. હું મા-બાપની સંમતિથી જ લગ્ન કરવાની વિચાર વાળી છું. તું રાહ જોઈ શકતો ન હોય તો તુ મુક્ત છે અને જો તુ તૈયાર હોય તો હું બે વર્ષ જ નહીં...બાર... વર્ષ સુધી રાહ જોઈશ. તારામાં તેવી હિંમત અને તાકાત છે રાહ જોઈ શકવાની? અને તારામાં એવી હિંમત ન હોય તો તારા સમાજમાંથી કોઈ સારી છોકરી પસંદ કરી તારા મમ્મી-પપ્પાની ઈચ્છા મુજબ લગ્ન કરી શકે છે પણ હું ભાગીને લગ્ન તો ન જ કરી શકું.

હું મારા મા-બાપની લાગણીને માન આપું છું. તેમણે મારી પર કેટલો બધો વિશ્વાસ મૂકીને ભણાવી છે ! મારી જરૂરી બધી જરૂરીયાતો પુરી કરી છે. ક્યાંય ઓછપ આવવા દીધી નથી. ત્યારે મારે તેમના દિલને ઠેસ ન પહોંચાડવી જોઈએ. મારે તને પણ એ જ કહેવું છે કે તારે પણ તારા મમ્મી-પપ્પાના દિલને ઠેસ ન પહોંચાડવી જોઈએ. જો તું રાહ જોવા તૈયાર ન હોય તો આપણે મૈત્રી ભાવે છુટા પડીએ. તુ તારી જીંદગીમાં ખુશ રહે અને હું પણ મારા મમ્મી-પપ્પાની મરજી મુજબ લગ્ન કરી ખુશ રહુ. "મયંક પ્રેમનું પરિણામ માત્રને માત્ર લગ્ન નથી જ..." આ સિધ્ધિનો જવાબ છે. જો મયંકે રાહ જોવાની તૈયારી બતાવી હોત તો સિધ્ધિ પણ રાહ જોવત. આ દુનિયામાં ક્યા મા-બાપ પોતાની દિકરીને ખુશ જોવા નથી માગતા ? બન્નેએ એકાદ-બે વર્ષની રાહ જોઈને મા-બાપના બધી રીતે ડાહ્યા દિકરા બન્યા હોત તો મા-બાપે ચોક્કસ સંમતિ આપી લગ્ન કરાવી આપત, પણ તેમ ન થયું બન્ને મૈત્રી ભાવ હૃદયમાં કાયમ રાખી નુકશાન વગરનો ધંધો કરી છુટા પડયા.

મયંકે તેના સમાજમાંથી સુંદર છોકરી પસંદ કરી લગ્ન કરી દીધું અને સિધ્ધિએ પણ તેમજ કર્યુ. આજે સિધ્ધિ સુખી છે. પતિ-પત્ની બન્ને પગભર છે. તેમની પાસે બધુ જ છે. મા-બાપ અને પતિનો પ્રેમ છે નાના બાળકો કિલ્લોલ કરે છે, ને આનંદમય જીવન જીવે છે. સામા પક્ષે મયંકને પણ એવું છે.

મારી વ્હાલી દિકરી...

સિધ્ધિની વાર્તા સમજી. તને ચાર સત્ય ઘટના વાર્તા રૂપે કહી ચારેય કન્યા વિશે વિચાર. ચોથી સિધ્ધિ વિશે તે વિચારવાનું શરૂ કર્યુ હશે. કોઈ નિર્ણય પર આવે તે પહેલા આ પાંચમી છેલ્લી "જયશ્રી" ને વાંચી - સાંભળી - સમજી લે.

## જયશ્રી

જયશ્રીને તેના પિતાએ તેના કાકાને ત્યાં દત્તક આપી છે.તેના કાકાને સંતાન થાય એમ હતું છતાં પોતાનું સંતાન જોઈનું ન હતું. પણ બાપ બનવું હતું, એટલે પોતાના મોટાભાઈની દિકરીને પોતાની દિકરી બનાવી છે. જયશ્રી ખૂબ ભણી છે. કોલેજ પણ કરી છે. કોલેજ દરમિયાન ભણવા સિવાય બીજા કોઈ બાબતને મહત્વ આપ્યું નથી.

જયશ્રીના પાલક પિતા (તેના કાકા )ભગવાનના ખૂબ મોટા ભાક્ત છે. સમાજને સાચો રાહ દેખાડવાનું કામ કરે છે. ગામે ગામ અને દેશ-પરદેશમાં જઈને ભગવાનના વિચારો આપવાનું કામ કરે છે. મડદાને બેઠા કરે છે. પ્રભુભક્તિ કરે છે બીજાઓને પોતાના જીવન થકી એવું કરાવે છે. શિખવાડે છે. જયશ્રી નાની હતી ત્યારથી જ આ બધુ નજરે નિહાળ્યું છે. તેમાં રસ લીધો છે. પોતાના પાલક પિતાના દરેક કામમાં સાથે હોય છે. ભણવાની સાથે પોતાના પાલક પિતાના આધ્યાત્મિક ક્રાંતિના કાર્યમાં મદદરૂપ થઈ જયશ્રી ખૂબ ભણી ગણી છે. પોતાને સુંદર પતિ પણ છે ને વ્યવસાયે ડોક્ટર છે.

જયશ્રી અને બન્ને પોતાના જીવનમાં ખુબ ખુશ છે. આજની તારીખે તેના પાલક પિતાની ગેરહાજરી છે. તેઓથી ભગવાનના ધામમાં પહોંચી ગયા છે. જયશ્રીએ પોતાના પાલક પિતાના જીવન ધ્યેયને પોતાનું જીવન ધ્યેય બનાવી દીધું છે. પોતાના પાલક પિતાના જીવન ધ્યેય રૂપી સત્કાર્યને આગળ ધપાવવાનું કામ જયથી કરે છે.

જયશ્રીએ આજે બરાબર કામ સંભાળી લીધુ છે. પોતે પણ ભગવાનની ભક્ત બની છે. દેશ-પરદેશમાં ખૂણે-ખૂણે પિતાની જેમ પોતે પણ જાય છે. લોકોને ભગવાનના માર્ગે વાળે છે. પ્રભુ સેવાનું કામ કરે છે. પિતાના કાર્યને આગળ ધપાવતી જ જાય છે. ડૉક્ટર પતિ પણ તેના કાર્યથી ખુશ છે સાથ આપે છે. ખુબ સુખી સંસાર જયશ્રીનો છે અને આજે ઘણા બધાના સંસારને સુખમય બનાવે જ જાય છે.

મારી વ્હાલી દિકરી "પંચકન્યા'ને તે હવે વાંચી-સાંભળી અને સમજી હશે. આ તારા "હર જન્મ દિનની ભેટ'' છે, તારા બાપુજી તરફથી. આ કાયમી ભેટને સાચવી જાણજે. **"Every Birthday Gift"** દરેક જન્મ દિવસે આને જરૂરથી વાંચજે. તારા બાપુજીની ઈચ્છા એવી છે કે તારી આ 'હર જન્મ દિનની ભેટ' સમાજની તમામ દિકરીઓની ભેટ બને. સમાજની તમામ દિકરીઓ આને વાંચે, સમજે અને જીવન જાતે બનાવે....અસ્તુ. એજ લી. તારા લાડલા બાપુજી.

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની તા-21/2/06, સમય : સવારે 3-23)
" અંતરની એરણ થી "